**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

15 મે, 2021 / 7211

શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

માનનીય મુખ્યમંત્રીશ્રી,

વિષય: તા.18 મે થી લાગુ થનાર આગામી પરિપત્રમાં વેપાર-ઉદ્યોગને છૂટછાટ આપવા અંગે

GCCI તરફથી શુભેછાઓ.

સૌપ્રથમ કોરોના મહામારી ને જોતા આપશ્રીએ વેપાર-ઉદ્યોગોના હિતમાં જે સકારાત્મક પગલાંઓ લીધા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

હવે જ્યારે રાજ્યમાં કોરોના મહામારી નું સંક્રમણ ઘટવા પામ્યું છે ત્યારે આવનારા સમયમાં એક બાજુ સંક્રમણને કાબુ માં રાખી શકાય અને બીજી બાજુ વેપાર-ઉદ્યોગને પણ ટકી રહેવા થોડી રાહત મળે તે ઉદ્દેશથી તેમના પરના પ્રતિબંધ દૂર કરવા વિનંતી છે. જો આ પ્રતિબંધો તાત્કાલિક ધોરણે દૂર કરવા શક્ય ન હોય તો વિકલ્પે વેપાર-ઉદ્યોગને આંશિક છૂટછાટ મળે તે માટે નીચે મુજબના સૂચનો આપના ધ્યાને લાવીએ છીએ અને તા. 18 મે થી લાગુ થનાર આગામી પરિપત્રમાં આ પ્રમાણેની છૂટછાટ આપવામાં આવે તેવી વિનંતી કરીએ છીએ:

<u>1. રીટેલ દુકાનોને બંદ શટર સાથે રોજિંદી ઓફિસ કામગીરી માટે છૂટ</u>

રીટેલ દુકાનોને તેમની રોજિંદા ઓફિસના વ્યવહારો જેમકે પગાર ની ચુકવણી વિગેરે તેમજ બેંક અને સરકારને લગતી કામગીરી સમયસર પુરી કરી શકાય તે ઉદ્દેશથી ગ્રાહકો ન પ્રવેશે તેમ બંદ શટર સાથે દિવસના અમુક નિર્ધારિત કલાકોમાં ચાલુ રાખવા છૂટ આપવી જોઈએ.

<u>2. ઉદ્યોગથી સંકળાયેલ (જથ્થાબંધ વેપારીઓ વિગેરે) દુકાનોને મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી</u>

હાલમાં ઉદ્યોગોથી સંલગ્ન દુકાનો અને તેની જથ્થાબંધ માર્કેટો બંદ હોવાથી ઉદ્યોગોના તૈયાર માલના વેચાણમાં મુશ્કેલીઓ આવે છે જેથી ઉદ્યોગોની સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આને કારણે ઉદ્યોગોને ચાલુ રહેવાની પરવાનગી હોવા છતાં ઘણા ક્ષેત્રો માં માત્ર 35-40% ઉદ્યોગો જ કાર્યરત રહી શક્યા છે. આ હકીકત ને જોતા ઉદ્યોગથી સંકળાયેલ દુકાનો અને જથ્થાબંદ માર્કેટોને અઠવાડિયામાં અમુક દિવસોમાં મર્યાદિત સમય માટે ચાલુ રાખવાની પરવાનગી આપવી જોઈએ.

<u>3. વિવિધ ઉદ્યોગોમાં માટે જરૂરી માલસામાન, સાધનો અને સ્પેરપાર્ટ્સ વેચાણ કરતી દુકાનો મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી</u>

હાલમાં અમુક વસ્તુઓ અને માલસામાન જેમકે ઇલેક્ટ્રિકલ ગૂડ્સ, નાના મોટા મશીન પાર્ટ વેચાણ કરતી દુકાનો, લાકડા તેમજ ધાતુથી બનેલ વસ્તુઓ તેમજ જરૂરી તકનીકી સેવાઓ પુરી પાડતી દુકાનો બંદ હોવાથી બાંધકામ, એન્જિનિરીંગ જેવા ઘણા ઉદ્યોગોને કાચો માલ, જરૂરી સાધનો, મશીનના સ્પેરપાર્ટ વિગેરે સમયસર મળતા નથી જેથી તેઓ તેમનું ઉત્પાદન કાર્ય ચાલુ રાખી

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

શકતા નથી. આ હકીકત ને જોતા ઉદ્યોગોને ઉપયોગી થાય તેવી વસ્તુઓના વેચાણ માટેની દુકાનોને માર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી આપવી જોઈએ.

4. શહેરોના મુખ્ય માર્કેટોની ઓફિસ અમુક મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી

શહેરી વિસ્તારમાં આવેલ ઘણી મુખ્ય માર્કેટોમાં દુકાન અને ઓફિસ એકજ સ્થળે હોય છે અને આ જગ્યાએ વ્યક્તિઓની અવરજવર ખુબ ઓછી રહે છે.આમાંની અમુક માર્કેટોમાં માત્ર બી2બી વ્યવહારો થતા હોય છે. તેથી અમારી વિનંતી છે કે શહેરના આવા મુખ્ય માર્કેટોની ઓફિસ અઠવાડિયાના 2 થી 3 દિવસ માટે 3 થી 4 કલાકના મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી આપવી જોઈએ.

5. રેસ્ટોરેન્ટમાં Home Delivery માટેની સુવિધા રાતના 11 વાગ્યા સુધી ચાલુ રાખવા વિનંતી

હાલમાં જયારે રેસ્ટોરેન્ટ બંધ છે ત્યારે રાત્રીના 8 વાગ્યા સુધી જ Home Delivery ની સુવિધા ચાલુ હોવાથી તેમને પૂરતો સમય મળી રહેતો નથી કારણ કે, તેમને 7 વાગ્યામાં રેસ્ટોરેન્ટ બંધ કરી દેવી પડે છે જેથી રાતના મોડા ભોજન કરતા વ્યક્તિઓને ડિલિવરી કરી શકાતી નથી. વધુમાં જયારે સંપૂર્ણ પરિવાર COVID-19 થી સંક્રમિત હોય ત્યારે તેઓ Home Delivery પર જ નિર્ભર હોય છે. તેથી અમારી વિનંતી છે કે Home Delivery ની સુવિધા રાતના 11 વાગ્યા સુધી ચાલુ રાખવા મંજૂરી આપવી જોઈએ.

6. પ્રવાસી બસોને શહેરમાં પ્રવેશ માટેની છૂટ

પ્રવાસી બસોને હાલમાં શહેરમાં પ્રવેશ માટેની પરવાનગી ન હોવાથી પ્રવાસીઓને શેર બહાર ઉતરીને અન્ય જાહેર વાહન દ્વારા શહેરમાં આવવું પડે છે જેથી સંક્રમણ ની સંભાવના અને ભય વધે છે. હાલમાં જયારે સરકારી બસો બંધ છે ત્યારે ખાનગી પ્રવાસી બસોને 24*7 શહેરમાં પ્રવેશની પરવાનગી આપવી જોઈએ.

7. ભારી વાહનોને શહેરમાં પ્રવેશ માટેની સમયમર્યાદા દૂર કરી તેમને 24*7 પ્રવેશની પરવાનગી

અમદાવાદમાં શહેરની હદ ની અંદર રિંગ રોડ થી માત્ર 1 કિલોમીટર જેટલા અંતર પર મુખ્ય જીઆઇડીસી વસાહતો આવેલ છે અને આ જ રીતે અન્ય શહેરોમાં પણ ઘણી જીઆઇડીસી શહેર ની હદ ની અંદર આવેલ છે. આ જીઆઇડીસી ઉદ્યોગો ની આજુ બાજુમાં કોઈ રહેણાક વિસ્તાર આવેલ નથી. આમ છતાં ભરી માલવાહક વાહનોને શહેરની હદમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવાને કારણે ઉદ્યોગોને સમયસર માલના પરિવહનમાં ખુબ મુશ્કેલી પડી રહી છે. COVID-19 ને હરાવવા માટેની ચીજવસ્તુઓ બનાવતા ઉદ્યોગોને પણ આ પ્રતિબંધને કારણે સમયસર તેમની વસ્તુઓ પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે. તેથી અમારી વિનંતી છે કે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટ્રક વિગેરે ભરી માલવાહકો માટેની પ્રવેશ માટેની સમયમર્યાદા દૂર કરી તેમને 24*7 પ્રવેશની પરવાનગી આપવી જોઈએ.

રાજ્યના વેપાર-ઉદ્યોગના હિતમાં આપશ્રી આ અંગે સકારાત્મક નિર્ણય લેશો તેવી આશા સહ.

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ

નકલ રવાના: શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય ઉપ-મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર, ગાંધીનગર.

**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

15 મે, 2021/7210

શ્રી પ્રદીપસિંહજી જાડેજા
માનનીય ગૃહમંત્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી,

**વિષય: તા.18 મે થી લાગુ થનાર આગામી પરિપત્રમાં વેપાર-ઉદ્યોગને છૂટછાટ આપવા અંગે**

GCCI તરફથી શુભેચ્છાઓ.

સૌપ્રથમ કોરોના મહામારી ને જોતા આપશ્રીએ વેપાર-ઉદ્યોગોના હિતમાં જે સકારાત્મક પગલાંઓ લીધા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

હવે જયારે રાજ્યમાં કોરોના મહામારી નું સંક્રમણ ઘટવા પામ્યું છે ત્યારે આવનારા સમયમાં એક બાજુ સંક્રમણને કાબુ માં રાખી શકાય અને બીજી બાજુ વેપાર-ઉદ્યોગને પણ ટકી રહેવા થોડી રાહત મળે તે ઉદ્દેશથી તેમના પરના પ્રતિબંધ દૂર કરવા વિનંતી છે. જો આ પ્રતિબંધો તાત્કાલિક ધોરણે દૂર કરવા શક્ય ન હોય તો વિકલ્પે વેપાર-ઉદ્યોગને આંશિક છૂટછાટ મળે તે માટે નીચે મુજબના સૂચનો આપના ધ્યાને લાવીએ છીએ અને તા. 18 મે થી લાગુ થનાર આગામી પરિપત્રમાં આ પ્રમાણેની છૂટછાટ આપવામાં આવે તેવી વિનંતી કરીએ છીએ:

<u>1. રીટેલ દુકાનોને બંધ શટર સાથે રોજિંદી ઓફિસ કામગીરી માટે છૂટ</u>

રીટેલ દુકાનોને તેમની રોજિંદા ઓફિસના વ્યવહારો જેમકે પગાર ની ચુકવણી વિગેરે તેમજ બેંક અને સરકારને લગતી કામગીરી સમયસર પુરી કરી શકાય તે ઉદ્દેશથી ગ્રાહકો ન પ્રવેશે તેમ બંધ શટર સાથે દિવસના અમુક નિર્ધારિત કલાકોમાં ચાલુ રાખવા છૂટ આપવી જોઈએ.

<u>2. ઉદ્યોગથી સંકળાયેલ (જથ્થાબંધ વેપારીઓ વિગેરે) દુકાનોને મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી</u>

હાલમાં ઉદ્યોગોથી સંલગ્ન દુકાનો અને તેની જથ્થાબંધ માર્કેટો બંધ હોવાથી ઉદ્યોગોના તૈયાર માલના વેચાણમાં મુશ્કેલીઓ આવે છે જેથી ઉદ્યોગોની સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આને કારણે ઉદ્યોગોને ચાલુ રહેવાની પરવાનગી હોવા છતાં ઘણા ક્ષેત્રો માં માત્ર 35-40% ઉદ્યોગો જ કાર્યરત રહી શક્યા છે. આ હકીકત ને જોતા ઉદ્યોગથી સંકળાયેલ દુકાનો અને જથ્થાબંદ માર્કેટોને અઠવાડિયામાં અમુક દિવસોમાં મર્યાદિત સમય માટે ચાલુ રાખવાની પરવાનગી આપવી જોઈએ.

<u>3. વિવિધ ઉદ્યોગોમાં માટે જરૂરી માલસામાન, સાધનો અને સ્પેરપાર્ટ્સ વેચાણ કરતી દુકાનો મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી</u>

હાલમાં અમુક વસ્તુઓ અને માલસામાન જેમકે ઇલેક્ટ્રિકલ ગૂડ્સ, નાના મોટા મશીન પાર્ટ વેચાણ કરતી દુકાનો, લાકડા તેમજ ધાતુથી બનેલ વસ્તુઓ તેમજ જરૂરી તકનીકી સેવાઓ પુરી પાડતી દુકાનો બંધ હોવાથી બાંધકામ, એન્જિનિરીંગ જેવા ઘણા ઉદ્યોગોને કાચો માલ, જરૂરી સાધનો, મશીનના સ્પેરપાર્ટ વિગેરે સમયસર મળતા નથી જેથી તેઓ તેમનું ઉત્પાદન કાર્ય ચાલુ રાખી

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

શકતા નથી. આ હકીકત ને જોતા ઉદ્યોગોને ઉપયોગી થાય તેવી વસ્તુઓના વેચાણ માટેની દુકાનોને માર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી આપવી જોઈએ.

4. શહેરોના મુખ્ય માર્કેટોની ઓફિસ અમુક મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી

શહેરી વિસ્તારમાં આવેલ ઘણી મુખ્ય માર્કેટોમાં દુકાન અને ઓફિસ એકજ સ્થળે હોય છે અને આ જગ્યાએ વ્યક્તિઓની અવરજવર ખુબ ઓછી રહે છે.આમાંની અમુક માર્કેટોમાં માત્ર બીટબી વ્યવહારો થતા હોય છે. તેથી અમારી વિનંતી છે કે શહેરના આવા મુખ્ય માર્કેટોની ઓફિસ અઠવાડિયાના 2 થી 3 દિવસ માટે 3 થી 4 કલાકના મર્યાદિત સમય માટે ચાલુ રાખવા પરવાનગી આપવી જોઈએ.

5. રેસ્ટોરેન્ટમાં Home Delivery માટેની સુવિધા રાતના 11 વાગ્યા સુધી ચાલુ રાખવા વિનંતી

હાલમાં જયારે રેસ્ટોરેન્ટ બંધ છે ત્યારે રાત્રીના 8 વાગ્યા સુધી જ Home Delivery ની સુવિધા ચાલુ હોવાથી તેમને પૂરતો સમય મળી રહેતો નથી કારણ કે, તેમને 7 વાગ્યામાં રેસ્ટોરેન્ટ બંધ કરી દેવી પડે છે જેથી રાતના મોડા ભોજન કરતા વ્યક્તિઓને ડિલિવરી કરી શકાતી નથી. વધુમાં જયારે સંપૂર્ણ પરિવાર COVID-19 થી સંક્રમિત હોય ત્યારે તેઓ Home Delivery પર જ નિર્ભર હોય છે. તેથી અમારી વિનંતી છે કે Home Delivery ની સુવિધા રાતના 11 વાગ્યા સુધી ચાલુ રાખવા મંજૂરી આપવી જોઈએ.

6. પ્રવાસી બસોને શહેરમાં પ્રવેશ માટેની છૂટ

પ્રવાસી બસોને હાલમાં શહેરમાં પ્રવેશ માટેની પરવાનગી ન હોવાથી પ્રવાસીઓને શેર બહાર ઉતરીને અન્ય જાહેર વાહન દ્વારા શહેરમાં આવવું પડે છે જેથી સંક્રમણ ની સંભાવના અને ભય વધે છે. હાલમાં જયારે સરકારી બસો બંધ છે ત્યારે ખાનગી પ્રવાસી બસોને 24*7 શહેરમાં પ્રવેશની પરવાનગી આપવી જોઈએ.

7. ભારી વાહનોને શહેરમાં પ્રવેશ માટેની સમયમર્યાદા દૂર કરી તેમને 24*7 પ્રવેશની પરવાનગી

અમદાવાદમાં શહેરની હદ ની અંદર રિંગ રોડ થી માત્ર 1 કિલોમીટર જેટલા અંતર પર મુખ્ય જીઆઇડીસી વસાહતો આવેલ છે અને આ જ રીતે અન્ય શહેરોમાં પણ ઘણી જીઆઇડીસી શહેર ની હદ ની અંદર આવેલ છે. આ જીઆઇડીસી ઉદ્યોગો ની આજુ બાજુમાં કોઈ રહેણાક વિસ્તાર આવેલ નથી. આમ છતાં ભરી માલવાહક વાહનોને શહેરની હદમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવાને કારણે ઉદ્યોગોને સમયસર માલના પરિવહનમાં ખુબ મુશ્કેલી પડી રહી છે. COVID-19 ને હરાવવા માટેની ચીજવસ્તુઓ બનાવતા ઉદ્યોગોને પણ આ પ્રતિબંધને કારણે સમયસર તેમની વસ્તુઓ પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે. તેથી અમારી વિનંતી છે કે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટ્રક વિગેરે ભરી માલવાહકો માટેની પ્રવેશ માટેની સમયમર્યાદા દૂર કરી તેમને 24*7 પ્રવેશની પરવાનગી આપવી જોઈએ.

રાજ્યના વેપાર-ઉદ્યોગના હિતમાં આપશ્રી આ અંગે સકારાત્મક નિર્ણય લેશો તેવી આશા સહ.

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ